**વાવાઝોડાના કારણે કાર્નિવલ મેળાના સંચાલકને લાખોનું નુકસાન થયું**

**ગરબાડા રોડ ઉપર આવેલ તોતીગ સ્માર્ટ સિટી બોર્ડ ધરાશાયી થતાં ત્રણના મોત**

# દાહોદમાં વાવાઝોડાએ વિનાશ વેર્યો : ત્રણના મોતથી શોકનો માહોલ

**દાહોદ** ગરબાડા હાઈવે પર આવેલ સ્માર્ટ સિટીનો સાઈન બોર્ડ ધારાસાઈ થઈ ગયું હતું સાથે અનેક વૃક્ષો ધરાશાયી થયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે ફૂંકાયેલ વાવાઝોડા એ એક કલાક મચાવેલ તોફાન મા વર્તમાન તબાહી મચાવી દીધી હતી દાહોદમાં તોતીગ સ્માર્ટ સિટી બોર્ડ તૂટી પડતા એક વ્યક્તિ નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જ્યારે બે વ્યક્તિ ઓ ઘાયલ થયા હતા જેમણે 108 દ્વારા હોસ્પિટલ ખસેડતા સારવાર દરમ્યાન બે વ્યક્તિ નું મોત થયું હતું આમ ત્રણ વ્યક્તિના મોત થયા હતા જયારે બીજી તરફ વૃક્ષો તથા વીજ થાંભલાઓ તૂટી પડવાથી ભારે નુકસાન થયું હતું આ બનાવ બાદ કુલ ત્રણ મોત થયા હતા વાવાઝોડાને પગલે ઝોપડ પટ્ટી મા રહેતા સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયા હતા.

એક દિવસ અગાઉ રાત્રિના વરસાદ પડતા બીજા દિવસે ગરમીનો પારો દિવસ દરમિયાન અસહ્ય બફારા રહેતા લોકોને ત્રાહીમામ પોકારી ઊઠ્યા હતા. દિવસ દરમિયાન અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે દાહોદ શહેરને વાવાઝોડાએ એકાએક ધમરોળી નાખ્યો અને ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. વાવાઝોડાની અસર એટલી તીવ્ર હતી કે દાહોદના ગરબાડા રોડ પર આવેલ સ્માર્ટ સિટી અંતર્ગત લગાવવામાં આવેલ તોટીગ સાઈન બોર્ડ અકસ્માતે પડી જતાં ત્યાંથી પસાર થતા ત્રણ યુવકો કચડાયા ગયા હતા. આ બંનેમાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા એક યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતાં રસ્તામાં 108 મા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક ઘાયલને દાહોદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.



**આખા દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ રાતે વરસાદી માહોલ**

## ગરબાડા હાઈવે પર અનેક વૃક્ષો ધરાશાયી પોલીસ તંત્રની મહેનતથી રસ્તો ખોલાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે ફૂંકાયેલ વાવાઝોડા એક કલાકે મચાવેલ તોફાન મા વર્તમાન તબાહી મચાવી દીધી હતી દાહોદમાં તોતીગ સ્માર્ટ સિટી બોર્ડ તૂટી પડતા એક યુવકનું મોત તથા બે ગંભીર રીતે ઘાયલ થયા હતા જ્યારે વૃક્ષો તથા વીજ થાંભલાઓ તૂટી પડવાથી સારવાર અર્થે હોસ્પિટલ મા ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું આ બનાવ બાદ કુલ ત્રણ મોત થયા ના સમાચાર છે. વાવાઝોડાને પગલે ઠેર ઠેકાણે ઠઠ્ઠી વસી રહેતા સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયા હતા. એક દિવસ અગાઉ રાત્રિના વરસાદ પડતા બીજા દિવસે ગરમીનો પારો દિવસ દરમિયાન અસહ્ય બફારા રહેતા લોકોને ત્રાહીમામ પોકારી ઊઠ્યા હતા. દિવસ દરમિયાન અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે દાહોદ શહેરને વાવાઝોડાએ એકાએક ધમરોળી નાખ્યો અને ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. દાહોદના ગરબાડા રોડ પર આવેલ સ્માર્ટ સિટી અંતર્ગત લગાવવામાં આવેલ તોલિંગ સાઈન બોર્ડ અકસ્માતે પડી જતાં ત્યાંથી પસાર થતા બે યુવકો કચડાયા ગયા હતા. આ બંનેમાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક ઘાયલને દાહોદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## હાલોલમાં ભારે પવન સાથે વરસાદનું આગમન

(પ્રતિનિધિ) હાલોલ,તા.2
હાલોલ શહેર અને સમગ્ર પંથકના વાતાવરણમાં સોમવારે રાત્રે અચાનક પલટો જોવા મળ્યો હતો. રાત્રે 10 વાગ્યાના સુમારે અચાનક જ તેજ પવન ફુંકાવાની શરૂઆત થઈ હતી અને ત્યારબાદ ગાજવીજ સાથે વરસાદનું આગમન થયું હતું. લાંબા સમયથી અસહ્ય બફારા અને ગરમીથી શેકાતા નગરજનોને આ વરસાદી ઝાપટાના કારણે મોટી રાહત મળી હતી અને સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

પહેલા જ વરસાદે તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી એક તરફ વરસાદથી વાતાવરણ આહલાદક બન્યું, તો બીજી તરફ વીજ કંપનીની બેદરકારી સામે આવી હતી. વરસાદની સાથે ફુંકાયેલા ભારે પવનને કારણે હાલોલ શહેરના અનેક રહેણાંક વિસ્તારોમાં ગણતરીની મિનિટોમાં જ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

અંધારપટ છવાઈ જવાને કારણે સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ચોમાસાની શરૂઆત પહેલા જ કરોડોના ખર્ચે થતી MGVCL ની પ્રી-મોન્સૂન કામગીરી પર આ ઘટનાને પગલે અનેક સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોનું કહેવું છે કે જો સામાન્ય વાવાઝોડા અને પહેલા જ વરસાદમાં આ સ્થિતિ થતી હોય, તો ચોમાસાના ચાર મહિના દરમિયાન તંત્ર કેવી રીતે વીજ પુરવઠો જાળવી રાખશે, હાલમાં વરસાદને પગલે ઠંડક તો પ્રસરી છે, પરંતુ વારંવાર લાઈટો ગુલ થવાની સમસ્યાને લઈને નગરજનોમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.

**કાલોલના ફતેપુરી ગામે વાવાઝોડા સાથે વરસાદી આફત**

## ઘરનુ છાપરું ઉડીને પડતાં ૧૩ વર્ષની કિશોરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ



(પ્રતિનિધિ) કાલોલ, તા.2
કાલોલ તાલુકામાં ગત રાત્રે અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર વાવાઝોડા સાથે આવેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. કાલોલ તાલુકાની દેવચોટીયા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ફતેપુરી ગામે વાવાઝોડાના કારણે એક મકાનનું પતરાનું છાપરું તૂટી પડતાં એક ૧૩ વર્ષની કિશોરીને અતિ ગંભીર ઈજાઓ પહોંચી હોવાની દુઃખદ ઘટના સામે આવી છે.દેવચોટીયા ગ્રામ પંચાયતના ફતેપુરી ગામે ગત તારીખ ૦૧/૦૬/૨૦૨૬ની રાત્રે ભારે વાવાઝોડું અને વરસાદ આવ્યો હતો. આ કુદરતી આફત દરમિયાન ગામના રહીશ જશીબેન ગણપતભાઈના મકાનને અડીને બનાવેલું પતરાનું ઢાળિયું/છાપરું અચાનક તૂટી પડ્યું હતું. આ સમયે ત્યાં હાજર ફતેપુરીના જ રહીશ સુરેશભાઈના ૧૩ વર્ષીય પુત્રી રાઠોડ ભાવનાબેન સુરેશભાઈ આ ભારેખમ છાપરા નીચે દબાઈ ગયા હતા. ઘટનાને પગલે કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ અને અગ્રણીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા જ્યાં તેઓએ પરિસ્થિતિ ની જાણકારી મેળવી ઘટતા પગલાં માટે ખાતરી આપી હતી.આ અકસ્માતમાં કિશોરી ભાવનાબેનને શરીરે અતિ ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે વડોદરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.આ ઘટના અંગે દેવચોટીયાના તલાટી કમ મંત્રી દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરીને તારીખ ૦૨/૦૬/૨૦૨૬ના રોજ કાલોલના તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને, કાલોલના તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે પંચમહાલ-ગોધરાના જિલ્લા વિકાસ અધિકારી (DDO) ને 'જાનમાલના નુકસાન અંગે' સત્તાવાર અહેવાલ પણ મોકલવામાં આવ્યો છે.

## હાલોલ ઔદ્યોગિક વિસ્તારમાં સગીરે ફાંસો ખાઈ આપઘાત કર્યો



(પ્રતિનિધિ) હાલોલ,તા.2
હાલોલ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી સારા પેલેસ હોટલ નજીક મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના આમેટ ગામના વતની પ્રહલાદસિંહ ભેરુસિંહ ચુંડાવત છેલ્લા ઘણા સમય થી ભંગાર નો ધંધો કરે છે અને તેમની ભંગાર ની દુકાન આવેલી છે. છેલ્લા એકાદ મહિનાથી તેમનો ભાઈ પ્રવિણસિંગ ભેરૂસિંગ ચુંડાવત ઉ.વ. 17 ના ઓ હાલોલ ખાતે આવ્યો હતો. દરમિયાન તા.1 જૂન સોમવારના રોજ સાંજે દુકાનની અંદર છતના હુક સાથે બાંધેલા દોરડા વડે પ્રવિણસિંહનો મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળી આવ્યો હતો. આત્મહત્યા બાબતે ની વાત વાયુવેગે ફેલાતા જેને લઇ આ વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવતા લોકટોળા જમ્યા હતા. બનાવ ની જાણ હાલોલ પોલીસ ને કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી પ્રાથમિક તપાસ કરી અકસ્માત મોત નો ગુનો નોંધી પ્રવિણસિંગ ના મૃતદેહ ને નીચે ઉતારી હાલોલની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે પોસ્ટમોટમ માટે મોકલી આપી હતી. જોકે યુવક ના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે પ્રાથમિક દ્રષ્ટિએ આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ફતેપુરામાં આવેલા સરકારી તળાવની ગેરકાયદે દબાણ

(પ્રતિનિધિ) દાહોદ,તા.2
ફતેપુરાના જાગૃત ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને પુરાવા સાથે લેખિત અરજી સુપ્રત કરી તળાવની જમીન તાત્કાલિક મુક્ત કરાવવા માંગ કરવામાં આવેલા આક્ષેપો મુજબ, વર્ષ ૨૦૦૨માં આ સરકારી તળાવ આશરે ૫.૩૦ એકર જેટલા મોટા વિસ્તારમાં ફેલાયેલું હતું. જોકે, સમય જતાં ભૂમાફિયાઓની ઘૂસણખોરી અને દબાણોના કારણે આજે આ વિશાળ તળાવ સંકોચાઈને માંડ ૨.૫૦ એકર જેટલું પણ રહ્યું છે. તળાવની પાળ તોડીને સરકારી જમીન પચાવી પાડવાનું આ કારસ્તાન લાંબા સમયથી ચાલી રહ્યું છે. તેમ છતાં આ નિયમોનો ભંગ કરી તળાવની હદમાં ઔદ્યોગિક અને વ્યાપારી પ્રકારનું ગેરકાયદેસર દબાણ ઊભું કરી દેવાયું છે.

**અપહરણ તથા પોક્સોના ગુનામાં ફરાર હતો**

## સુખસરના નીંદકાપૂર્વનો સવા વર્ષથી ભાગતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.2
પોલીસના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ સુખસર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ રાઠોડ ના ઓએ સુખસર પોલીસ સ્ટેશનમાં અપહરણ તથા પોકસો એક્ટ હેઠળ દાખલ થયેલ ગુનામાં પકડવાના બાકી આરોપીઓની માહિતી એકત્ર કરી આવા પ્રકારના ગંભીર ગુનાના વોન્ટેડ આરોપી તથા ભોગ બનનાર/ગુમ થયેલ સગીરાળાઓને શોધી કાઢવા અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ હાથ ધરવામાં આવેલ હતી. તે દરમ્યાન ટીમના પોલીસ માણસોને બાતમી હકીકત મળેલ કે, સુખસર પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025 માં ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 137(2 ) 87,64( 2) (એમ) 65(1 )તથા પોકસો કલમ 4,5 (જે)(2),6 મુજબના ગુનાનો નાસ્તો ફરતો આરોપી મહેશભાઈ બાબુભાઈ પારગી રહે. નીંદકાપૂર્વ,તા,સુખસર, જી.દાહોદ નાનો પોલીસ પકડથી નાસ્તો ફરે છે અને તે હાલમાં ભોગ બનનાર સગીર બાળા સાથે પોતાના ગામમાં આવેલ છે.જે બાબતની સુખસર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ રાઠોડ તથા એ.એસ.આઈ સતિષભાઈ પુંજાભાઈ,અ.હે.કો પીન્ટુભાઈ સુભાષભાઈ,અજયભાઈ રમેશભાઈ,અ.પો.કો મહેશભાઈ ગુરસીંગભાઈ સુખસર પોલીસ સ્ટેશનનાઓને બાતમી મળતા હકીકતના આધારે ટીમના માણસોએ તપાસ કરતા આરોપી મહેશ બાબુભાઈ પારગી સહિત ભોગ બનનાર સગીર બાળાને પકડી લઈ આરોપીને ગુનાના કામે અટક કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

**ગુજરાત મિત્રના અહેવાલ બાદ તંત્ર સફાળુ જાગ્યુ ને કામે લાગ્યું**

## પઢિયાર-વેગનપુર માર્ગ પર સાઈડ શોલ્ડર પૂરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ



(પ્રતિનિધિ) ગોધરા તા.2
ગોધરા તાલુકાના પઢિયારથી વેગનપુર માર્ગ પર અંદાજિત રૂપિયા ૩ કરોડના ખર્ચે મંજૂર થયેલા ડામર રી-સર્ફેસિંગ કામમાં થયેલી વ્યાપક બેદરકારીઓ અંગે ગુજરાત મિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ તંત્ર સફાળું જાગ્યું અહેવાલની અસરના પગલે કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને અધૂરા છોડી દેવાયેલા આ માર્ગ પર આખરે યુદ્ધના ધોરણે સાઈડ શોલ્ડર પૂરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ માર્ગ અત્યંત મહત્વનો છે કારણ કે વિંઝોલ ખાતે આવેલી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આ જ રસ્તા પર આવેલી છે. જ્યાં રોજેરોજ હજારો વિદ્યાર્થીઓ, ઉચ્ચ અધિકારીઓ અને મોટા નેતાઓનું સતત આવનજાવન રહે છે. આમ છતાં, તંત્ર દ્વારા આ માર્ગને અધૂરી હાલતમાં જ ભગવાન ભરોસે છોડી દેવાયો હતો. હાલ જૂન મહિનો શરૂ થઈ ગયો છે અને ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે. સૌથી મોટી ગેરરીતિ સાઈડ શોલ્ડરના કામમાં સામે આવી હતી. ટેન્ડર મુજબ રોડની બંને બાજુએ ક્વોરી સ્પોલ એટલે કે પથ્થર નાખીને મજબૂત શોલ્ડર બનાવવાના હતા. પરંતુ કોન્ટ્રાક્ટરે બે મહિનાનો સમય વીતી ગયા બાદ માત્ર દેખાડો કરવા હયાત માપ કરતાં ઓછી અને સાવ સાદી માટી નાખી દીધી હતી, જે પ્રથમ વરસાદ પડતાં જ ધોવાઈ ગઈ હતી.

**દારૂ ભરેલી તુફાન ગાડી લઇ ભાગી ગયેલા ચાલકે ટ્રેક્ટરને ટક્કર મારી**

## સુખસરના નીંદકાપૂર્વ ચાંદલીથી દારૂ ભરેલી તૂફાન ટ્રેક્ટર સાથે ટકરાઈ


(પ્રતિનિધિ) સુખસર,તા.2
ગત રાત્રિના સાડા અગ્યાર વાગ્યાના અરસામાં દાહોદ એલ.સી.બી પોલીસ ફતેપુરા વિસ્તારમાં ખાનગી વાહનમાં બેસી પેટ્રોલિંગમાં નીકળેલ હતા.તે દરમ્યાન ફતેપુરા થી ઝાલોદ જતા રસ્તા ઉપર ઉભા હતા.તેવા સમયે ફતેપુરાથી ઝાલોદ તરફ જતા રસ્તા ઉપર એક ફોરવીલર ગાડી પૂર ઝડપે હંકારી જતા ગાડી ચાલકને બેટરીના અજવાળાથી ઈશારો કરી ગાડી ઉભી રાખવા જણાવતા તુફાન ચાલક પોતાના કબજાની ગાડીને પુરપાટ ઝડપે હંકારી જતા દાહોદ એલ.સી.બી પોલીસના કર્મચારીઓ દ્વારા પીછો કરતા તુફાન ગાડી સુખસર બાજુ નીદકાપૂર્વના ચાંદલી બાજુના રસ્તે ગઈ હોવાની ખાતરી થતાં પોલીસે પીછો કર્યો હતો. જ્યાં રસ્તે ચાલતા વાહન ચાલકો મારફતે પોલીસને જાણવા મળેલ કે તુફાન ગાડીના ચાલકે તેની તુફાન ગાડી જાહેર રસ્તા ઉપર પોતાની તથા અન્ય વાહન ચાલકો અને રાહદારીઓની જિંદગી જોખમમાં મુકાય તે રીતે પૂર ઝડપે ગફલત ભરી રીતે હંકારી જઈ ચાંદલી ગામે રોડ ઉપર આગળના ભાગે જઈ રહેલા કલ્ટી સાથેના ટ્રેક્ટરને ટક્કર મારી દીધેલાનું જાણવા મળતા પોલીસ ચાંદલી ગામે જઈ જોતા તુફાન ગાડીને આગળના ભાગે કલ્ટી સાથેનું ટેક્ટર પલટી ખાઈ ગયેલ જોવા મળ્યું હતું. જ્યારે તુફાન ગાડીનો રજીસ્ટ્રેશન નંબર જોતા જીજે-09.બીડી-1277 હોવાનું જણાઇ આવેલ. જ્યારે આ તુફાન ગાડીમાં તપાસ કરતાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગલિશ દારૂ તથા ટીન બિયરની બોટલો નંગ 524 જેની કિંમત રૂપિયા 77,615 નો પ્રોહી મુદ્દામાલ તથા ફોર્સ મોટર્સ લિમિટેડ કંપનીની તુફાન ગાડીની કિંમત રૂપિયા 3 લાખ તથા તુફાન ગાડીમાંથી મળી આવેલ મોબાઈલ ફોનની કિંમત રૂપિયા 5,000 મળી કુલ રૂપિયા 3,82,615 ના મુદ્દામાલ કરી ફરાર તુફાન ચાલક વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

## વેજલપુર હોટલ ગ્રાન્ડ એકતામાં જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.2
એસઓજી પોલીસ સ્ટાફ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો ત્યારે કાલોલ તાલુકાના ચલાલી ચોકડી પાસે આવેલી 'હોટલ ગ્રાન્ડ એકતા' માં ચેકિંગ દરમિયાન એક મોટી બેદરકારી સામે આવી હતી.આરોપી મોહંમદ આફ્રીદીએ હોટલ ગ્રાન્ડ એકતાના રીસેપ્શન કાઉન્ટર પર રાખવામાં આવેલા કોમ્પ્યુટરમાં ઉતારુઓના રજીસ્ટર મુજબની એન્ટ્રીઓ (નંબર ૩૫૭૦, ૩૫૭૨, ૩૫૮૨) સરકાર તરફથી જાહેર કરેલ 'પથિક સોફ્ટવેર' (Pathik Software) માં ઓનલાઈન કરી ન હતી. પોલીસે મોહંમદ આફ્રીદી યાસીનભાઇ ખાટકી (રહે. હોટલ ગ્રાન્ડ એકતા, ચલાલી ચોકડી પાસે, વેજલપુર, તા. કાલોલ, જી. પંચમહાલ; મૂળ રહે. નુરાનીપુરા-લક્ષ્મીપુરા, તા.જી. પાટણ).આ મામલે એસઓજી પોલીસે જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.

**દાહોદ પાલિકાના પૂર્વ સત્તાધીશોની બેદરકારી**

## ગટરોના ગંદા પાણી ઠલવાતા દાહોદની અતિ પાવન દૂધીમતી પ્રદુષિત બની



(પ્રતિનિધિ) દાહોદ,તા.2
સમસ્ત નગરજનોની ધાર્મિક આસ્થાઓ જોડાયેલી છે તેવી દાહોદની પતિત પાવન એવી પૂર્વાભીમુખ દુધીમતી નદીમાં છેલ્લા કેટલાય વર્ષોથી નગરપાલિકા દ્વારા શહેરની ગટરોના અત્યંત દુર્ગંધ મારતા ગંદા પાણી સતત રીતે ઠલવાતા રહેતાં આ પાવન નદીનું અસ્તિત્વ દિવસેને દિવસે વધુ ને વધુ જોખમાતું જાય છે. ભૂતકાળમાં આખો પવિત્ર શ્રાવણમાસ તેમજ અધિક માસમાં આજ પાવન નદીનાં પવિત્ર જળમાં ડૂબકી મારી સ્નાન કરી દાહોદવાસીઓ ધન્યતા અનુભવતા હતા જ્યારે એ જ પાવન નદીને પાલિકાના અત્યાર સુધીના તમામ સત્તાધીશો એ સ્વચ્છ રાખવામાં કોઈ જ રસ દાખવ્યો નથી તેવું નદીની હાલની સ્થિતિ પરથી ફલિત થઈ રહ્યું છે. વર્ષોથી દાહોદ પાલિકામાં ભાજપનું શાસન રહ્યું છે અને આ પાવન દૂધીમતી નદીની સફાઈ માટે અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા છતાં નદીની સ્થિતિમાં કોઈ સુધાર જોવા ન મળતા આ કરોડો રૂપિયા વપરાયા ક્યાં? તે યક્ષ પ્રશ્ન સૌ નગરજનોના જનમાનસમાં વાગોળાઈ રહ્યો છે. દાહોદ પાલિકામાં દર વર્ષે આરોગ્યની ગ્રાન્ટ આવતી હોય છે અને આ આરોગ્યની ગ્રાન્ટ દર વર્ષે ૨૦ ટકા વધારો થઈને આવતી હોવાનું પણ જાણવા મળ્યું છે. અને આરોગ્યની આ ગ્રાન્ટના કેટલા નાણા ક્યાં વાપરવા તે પ્રમુખની મનસુફી પર હોય છે. પરંતુ દાહોદ પાલિકાના અત્યાર સુધીના પ્રમુખો પૈકીના મોટાભાગના પ્રમુખોએ નદીની સફાઈ ના મુદ્દે કોઈ રસ દાખવ્યો ન હોવાનું જોવા મળી રહ્યું છે.

## ઝાલોદ APMC ખાતે ખાતર-બિયારણ કીટ વિતરણ કરાયું



(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ જિલ્લાના ઝાલોદ ઈંડ્રસ ખાતે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક (ટી-સે ગ) સંચાલિત કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા અને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઝાલોદ તાલુકાના આદિજાતિ ખેડૂતોને ખેતીમાં સહાયરૂપ થવા માટે ખાતર અને બિયારણની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.